# મધમાખીઓની હવાઈયાત્રા

મધમાખી આખી જીંદગી મધ એકઠું કરે, મધપૂડામાં જ રહે, છતાં તેઓને ડાયાબિટીસ થતો નથી. વળી મધમાખીને આખી જિંદગી મધ સાથે જ પનારો હોવા છતાં તેનો ડંખ મીઠો મધ જેવો કેમ નહિ! તેનો ડંખ આટલો પીડાદાયક શા માટે! આ મુદ્દે હજુ સુધી કોઈએ વિચાર્યું નથી. અરે મધમાખીઓએ પણ નહીં. કેટલીક વિચારવા જેવી બાબતો આપણે વિચારતા જ નથી. જેમ કે ‘મધમાખીઓનું ઝુંડ આપણી પાછળ પડે ત્યારે શું કરવું!’ ‘રખડતો આખલો વિફરે અને આપણી પાછળ પડે ત્યારે શું કરવું!’ આવી બાબતો વિચારવી જરૂરી છે. મધમાખીથી આપણી જાતને કેમ બચાવવી, મધમાખી પર વળતો હુમલો કઈ રીતે કરવો. તે આપણે જાણતા નથી. તમને થશે કે સામાન્ય રીતે તો માણસ પાછળ મધમાખી પડે છે પણ આજે આ લખનાર મધમાખી પાછળ કેમ પડ્યા છે. તો કારણ ગંભીર છે. સુરતમાં ઘટના એવી બની કે જેની આખી દુનિયાએ નોંધ લીધી. અજીબોગરીબ ઘટનાઓ માટે સુરત સુખ્યાત છે.(?) બન્યું એવું કે સુરત એરપોર્ટ પર ક્યાંકથી એકાએક મધમાખીઓનું ઝૂંડ ચડી આવ્યું અને સુરત જયપુર ફ્લાઇટનાં પ્લેન પર બેસી ગયું. કદાચ મધમાખીઓને મધ ઉત્પાદન માટે જયપુરમાં સ્ટાર્ટઅપ કરવાનું હોય એટલે તેમણે જયપુરની ફ્લાઇટ પકડી હોય એવું બને. મુસાફરો પ્લેનની અંદર બેઠા હતા. સારું થયું કે મધમાખીઓને પણ અંદર બેસવાનું મન ન થયું. મધમાખીઓ પણ સમજદાર હોય છે. તેને ખ્યાલ હતો કે ટિકિટ લીધી હોય તો અંદર બેસાય. વિના ટિકિટે તો બહાર જ બેસવું પડે. એટલે બધી મધમાખીઓ પ્લેનના બહારના ભાગમાં બેસી ગઈ.

આમ જુઓ તો પ્લેન અને મધમાખી બંને ઊડી શકે છે. પણ બંને ‘પહેલે આપ” પહેલે આપ’વાળી તહજીબમાં અટવાયા હતા. મધમાખીઓ એવું વિચારતી હતી કે ‘પહેલા પ્લેન ઊડે, પછી અમે ઊડીએ’ અને ‘ફ્લાઈટના પાયલટ એવું વિચારતા’તા કે ‘પહેલા મધમાખીઓ ઊડે પછી અમે ઊડીએ.’ અંદર મુસાફરો એવું વિચારતા હતા કે ‘ટાઈમ થઈ ગયો છે છતાં પ્લેન કેમ ઊડતું નથી?’ આમ ત્રણેય પક્ષ મૂંઝવણ અનુભવી રહ્યા હતા. આ ઉપરાંત ચોથો પક્ષ એરપોર્ટ સ્ટાફ પણ મૂંઝવણ અનુભવી રહ્યો હતો કે આ મધમાખીઓને જયપુર જતી કઇ રીતે રોકવી. કારણ કે જો આ રીતે એક પછી એક મધમાખીઓના જૂથ જયપુર જતા રહેશે તો ગુજરાતનો મધ ઉત્પાદનનો કુટીર ઉદ્યોગ જયપુર ટ્રાન્સફર થઈ જશે અને તેનાથી ગુજરાતના આર્થિક વિકાસને ઘણું નુકસાન થશે.

અંદર બેઠેલા મુસાફરોને પછી ખબર પડી કે પ્લેન પર મધમાખીઓનું ઝૂંડ બેઠું છે એટલે પ્લેન ઊડતું નથી. પણ પ્લેનની આજુબાજુ થોડી મધમાખી ઊડે છે. આ જાણ્યા પછી એક યુવતીએ તો પાયલટને કહ્યું, “મધમાખીઓનું વજન નડે નહીં, ઊડાડો તમતમારે!”તો કેટલીક ઉત્સાહી યુવતીઓ મધમાખીઓ સાથે સેલ્ફી લેવા પ્લેનની બહાર નીકળવાની તૈયારી કરવા લાગી. પણ મધમાખી અત્યંત મહેનતુ જંતુ છે. તે કર્મ અનુરાગી હોય છે. તેને સોશ્યલ મીડિયા પર ટાઈમ વેસ્ટ કરવો ન ફાવે. એટલે એ શક્ય ન બન્યું. કેટલાક વડીલોને થયું કે જો આ ફ્લાઈટ બે કલાક જાળવે તો એકદમ શુદ્ધ મધ અહીં જ મળી જાય. આજકાલ શુદ્ધ મધ મળે છે જ ક્યાં!




એરપોર્ટનો તમામ પ્રકારનો સ્ટાફ ઉપરાંત સિક્યુરિટી, પોલીસ આદિમાંથી કોઈ જાણતું નહોતું કે પ્લેન પર કબજો જમાવીને બેઠેલી મધમાખીઓથી પ્લેનને કઈ રીતે મુક્ત કરાવવું. આપણી પોલીસ ત્રાસવાદીઓ સામે લડી શકે છે પણ મધમાખીઓ સામે લાચાર. હવે પોલીસ ટ્રેનિંગમાં મધમાખીઓ ભગાડવી, વિફરેલા આખલાને કાબુમાં કરવા, ગરમ અને ગતિશીલ બનેલા ગજરાજને રોકવા, વગેરે ઉમેરવું જોઈએ.

**એરપોર્ટનો તમામ પ્રકારનો સ્ટાફ ઉપરાંત સિક્યુરિટી, પોલીસ આદિમાંથી કોઈ જાણતું નહોતું કે પ્લેન પર કબજો જમાવીને બેઠેલી મધમાખીઓથી પ્લેનને કઈ રીતે મુક્ત કરાવવું. આપણી પોલીસ ત્રાસવાદીઓ સામે લડી શકે છે પણ મધમાખીઓ સામે લાચાર**

લાંબી વિચારણાને અંતે બહુ જાણીતો ઉપાય અજમાવવામાં આવ્યો. ધુમાડો કરવામાં આવ્યો. પણ જેમ મચ્છર અગરબત્તીઓના ધુમાડાથી હવે મચ્છરો ભાગતા નથી (ઉલ્ટાના આવે છે!) એ જ રીતે હવે ધુમાડાથી મધમાખીઓ પણ ભાગતી નથી. પછી બીજા ઉપાય તરીકે જેમ અક્કડ આંદોલનકારીઓને વિખેરી નાખવા માટે તેમના પર પાણીનો મારો ચલાવવામાં આવે છે. એ રીતે અહીં મધમાખીઓ પર શુદ્ધ પાણીનો નિર્દોષ મારો ચલાવવામાં આવ્યો. જેથી ‘સાપ મરે નહીં અને લાઠી ભાંગે નહીં.’એમ ‘મધમાખીઓ મરે નહીં અને પ્લેન બગડે નહીં’

**નબોલવામાં નવ ગુણ**

★ નટવર પંડયા

આ ઘટના પરથી અમને એક અમૂલ્ય વિચાર સૂઝ્યો કે ભૂતકાળમાં જ્યારે પણ મોહમ્મદ ઘોરી, તૈમુર લંગ, બાબર વગેરેએ ભારત પર ચડાઈ કરી ત્યારે તેના લશ્કર પર જો મધમાખીઓના ઝુંડ છોડવામાં આવ્યા હોત તો છંછેડાયેલી મધમાખીઓ દુશ્મનના બધા જ સૈનિકોને હિન્દુસ્તાન સામે લડવાની ખો ભૂલાવી દેત. અને આપણે યુદ્ધ સહેલાઈથી જીતી શકતા. તેમાં પાછા બે ફાયદા થાત. યુદ્ધ સિવાયના શાંતિકાળ દરમિયાન આપણે ત્યાં મધમાખી ઉછેર કેન્દ્ર ચલાવીને સારા એવા પ્રમાણમાં મધનું ઉત્પાદન થઈ શકતું અને અશાંતિકાળમાં મધમાખીઓના ઝૂંડના ઝૂંડ દુશ્મનોના લશ્કર પર છોડવામાં આવત તો દુશ્મનો ઊભી પૂછડીએ ભાગતા. કારણ કે મધમાખી સામે તોપ, તલવાર, મશીનગન, બરછી, ભાલા, તીર કોઈ હથિયાર કામ ન કરે. દુશ્મનનું લશ્કર ભલે ગમે તેટલું શક્તિશાળી હોય પણ એકેય લશ્કર આજ સુધી મધમાખીપ્રતિકારકશક્તિ વિકસાવી શક્યું નથી. એક સિપાઈને માથાદીઠ એક જ મધમાખી ડંખ મારે તોય તે ગયો કામથી! તેથી તેઓ ‘તેરી મધમાખીઓ કો હમ કચ્ચી ચબા જાયેંગે’એવું કહી શકત નહીં અને કરી શકત પણ નહીં. આ મધમાખીઓ થકી આપણે નવો ઇતિહાસ રચી શક્યા હોત. પણ અફસોસ કે ત્યારે આ લખનાર નહોતા એટલે આપણે તક ચુકી ગયા. અને આપણે જૂના ઇતિહાસથી જ ચલાવવું પડ્યું.

બે વર્ષ પહેલા એક મોટા ગજાના અખબારમાં યાદગાર સમાચાર વાંચેલા. બન્યું એવું કે સુરેન્દ્રનગર જિલ્લાના કોઈ ગામમાં કોઈ માણસને કંઈક કુટુંબક્લેશ જેવી ગંભીર સમસ્યા હશે. તે આવી સમસ્યા ને દોરા, ધાગા, ત્રાગા વગેરે કરીને ચપટી વગાડતામાં દૂર કરી દેવાનો દાવો કરનાર ભુવાને તેડાવ્યો. ભૂવો ઓસરીમાં વિધી કરાવવા બેઠો. ભૂવાએ વિધી માટે અગ્નિ પ્રગટાવ્યો. (અલબત્ત માચીસ થીજ!) અને હાકલા પડકારા સાથે ધૂણવાનો ભવ્ય પ્રારંભ કર્યો. ઓપનિંગ એટલી જોરદાર હતી કે પેલા ભાઈને થયું કે હવે મારી સાત સાત ભવની સમસ્યાઓનો ભાંગીને ભુક્કો થઈ ગઇ જ સમજો. પણ મકાન દેશી હતું. ઉપર છાપરાના વાંસમાં મધપૂડો હતો. ભુવાને તે ધ્યાનમાં ન આવ્યું. અને તેણે વિધી માટે મધપૂડા નીચે જ અગ્નિ પ્રગટાવ્યો. અગ્નિને કારણે મધમાખીઓ છંછેડાઈને ઊડી. અને છંછેડાયેલી મધમાખીઓનું આખું ઝુંડ ભુવા પર તૂટી પડ્યું. ભૂવો યજમાનની સળગતી સમસ્યા અને સળગતા લાકડા મૂકીને મિલ્ખાસિંઘની ઝડપે ભાગ્યો. આમ ભુવો ભૂત, પ્રેત, ડાકણ, શાકણને ભગાડતો પણ આજે મધમાખીઓએ ભૂવાને ભગાડ્યો. ભયભીત ભૂવો થોડા દિવસ પછી ઠીક થઈ ગયો. એટલે પેલા કુટુંબકલેશવાળા ભાઈ ફરીથી ભુવા ને બોલાવવા ગયા અને કહ્યું કે હવે ત્યાં ઘરમાં મધમાખી કે મધપૂડો કશું જ નથી. તેમ છતાં પણ ભુવાએ આવવાની સાફ ના પાડી દીધી. દૂધનો દાઝયો છાશ ફૂંકીને પીએ. ભુવો મધમાખીથી એટલો ગભરાયેલો હતો કે હવે તો સાદી માખી દેખે તો પણ સ્વબચાવ માટે સક્રિય થઈ જતો.

સુરત અનોખું શહેર છે અહીંની ઘટનાઓ પણ અસામાન્ય હોય છે. આજથી કદાચ આઠ-દસ વર્ષ પહેલા સુરતના એરપોર્ટ પર જ પ્લેન સાથે ભેંસ ભટકાઈ હતી. ભેસ ભટકાઈ ત્યારે ભેંસ કે વિમાન બેમાંથી એકેય ઊડતા નહોતા, બંને એરપોર્ટની ધરતી પર જ દોડતા હતા. તેમાં સ્નેહમિલન યોજાઈ ગયું. જો કે કોઈ મુસાફરોને હાનિ થઈ નહોતી. હવે આજકાલ પાયલટની સમસ્યાઓ દિવસે દિવસે વધતી જાય છે. કારણ કે આકાશના પ્લેન ઊડાડે ત્યારે પક્ષીનું ધ્યાન રાખવું, રનવે પર દોડે ત્યારે ભેંસનું અને ઊભું હોય ત્યારે મધમાખીઓનું ધ્યાન રાખવુ. આના માટે ભવિષ્યમાં એક પ્લેનમાં કદાચ ત્રણચાર પાયલોટ રાખવા પડે એવું બને.

## ગરમાગરમમ

પોલીસ ઇન્સ્પેક્ટર એક ચોરને પોલીસ સ્ટેશનમાં લાવીને પૂછ્યું: અલ્યા, તે એકની એક દુકાનમાં ચાર વાર સાડીની ચોરી કરી? બહુ રીઢો ગુનેગાર લાગે છે!

**ચોર:** સાહેબ ચોરી તો એક જ વાર કરી તી!

પોલીસ ઇન્સ્પેક્ટર: જુઠું ન બોલ, તે ચાર વાર ચોરી કરી છે એના સબૂત છે સીસીટીવીમાં પણ બધું બતાવે છે.

**ચોર:** પત્ની માટે સાડીની ચોરી તો એક જ વાર કરી’તી બાકી ત્રણ વાર તો કલર બદલાવવા જવું પડ્યું!